# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૨ તા.૧૮-૪-૧૬

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ,અન્ય પછાત વર્ગ તથા અપંગ વિદ્યાર્થીઓની સને ૨૦૧૫-૧૬ના વર્ષ માટેની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયના નાણાંની ચૂકવણી અંગે.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ,અન્ય પછાત વર્ગ (વિ.વિ.જાતિ, સા.શૈ.પ.વ., ધાર્મિક લઘુમતિ, ભાષાકિય લઘુમતિ, આર્થિક પછાતવર્ગ) અને અપંગ વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૧૫-૧૬ની શિષ્યવૃત્તિ / ગણવેશ સહાયની રકમ આપની શાળાના બેંક ખાતામાં જમા કરાવવામાં આવેલ છે. તો આપની શાળામાં મોકલવામાં આવેલ શાળા હુકમમાં જણાવેલ રકમ પ્રમાણે શિષ્યવૃત્તિના નાણાં બેંક મારફત વિદ્યાર્થીઓને તેમના બેંક ખાતામાં જમા કરાવશો. વિદ્યાર્થીઓને નાણાં બેંક ખાતામાં ચૂકવો પરંતુ પહોંચપત્રક(ત્રણ નકલ)મા વાલી તથા વિદ્યાર્થીઓની સહી અવશ્ય લેશો. કોઈ કારણસર ચિલન હોય તો તે લાલપેનથી(પહોંપત્રકમાં) દર્શાવવું. પહોંચપત્રકની બે નકલ શિષ્યવૃત્તિ વિભાગ ખાતે તથા એક નકલ શાળા દફતરે રાખશો અને ઉપરોકત જણાવેલ જાતિ અને વર્ષનો હિસાબ સમયસર પુરો કરી દેશો.

**આ સાથે આપને આપની શાળાનો શાળા હુકમ તેમજ ઉપર જણાવેલ જાતિના મંજૂર કરેલ દરખાસ્તપત્રક મોકલી આપવામાં આવે છે. તે દરખાસ્તપત્રક પાછળ આપની શાળાના હુકમમાં દર્શાવેલ જે-તે યોજનાના પત્રક નંબર આગળ દર્શાવેલ વાઉચર નંબર તથા તારીખ તે યોજનાના મંજૂર કરેલ દરખાસ્ત પત્રક પાછળ લાલપેનથી લખી રાખશો.**

**વધુમાં ચાલુ વર્ષથી પત્રક-૧,૨,૩,૧૧,૧૨ તથા ૧૩માં સમાવેશ કરેલ ધો. ૧ થી ૮નાં કુમારને રૂા. ૫૦૦/- ધો. ૧ થી ૫ની કન્યાઓને રૂા. ૫૦૦/- તથા ધો.૬ થી ૮ની કન્યાઓને રૂા.૭૫૦/- પ્રમાણે શિષ્યવૃત્તિ મળવાપાત્ર હોઈ તે પ્રમાણે શિષ્યવૃત્તિ ચૂકવશો.**

આપની શાળામાં અન્ય કોઈ શાળાનું દરખાસ્તપત્રક કે હુકમ આવી ગયેલ હોય તો તાકીદે આપના બીટપટાવાળા મારફત પરત મોકલશો અથવા જે-તે શાળાને સુપ્રત કરશો. દરેક શાળાઓને શિષ્યવૃત્તિનો હુકમ મોકલવામાં આવેલ હોવા છતાં પણ કેટલીક શાળાઓ હુકમ 'મળેલ નથી' અથવા તો 'ખોવાઈ ગયેલ છે' તેમ જણાવી વારંવાર ડુપ્લીકેટ શાળા હુકમની માંગણી કરે છે. આવી પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તેમજ કામગીરી બેવડાય નહીં તે માટે આપની શાળાનો શિષ્યવૃત્તિનો શાળા હુકમ સાચવીને શિષ્યવૃત્તિની ફાઈલમાં દફતરે રાખશો.

નોંધ :

(૧) ચાલુ સાલે પત્રક-૭ અનુસુચિત જાતિ પૈકી અતિ પછાત જાતિના જે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મંજુર થઈ છે તે વિદ્યાર્થીઓને વાઉચર નંબર ૨૩૭ તા. ૩૧-૩-૧૬થી ગણવેશ સહાય પણ મંજુર કરવામાં આવેલ છે તો તે વિદ્યાર્થીઓને ગણવેશ સહાયનાં નાણાં ચુકવી આપશો. ઉપર જણાવ્યા પ્રમાણે ત્રણ નકલમાં વિદ્યાર્થી વાલીની સહી લેશો.

(૨) શાળાઓમાં પાળવાના તહેવારો અને વેકેશન યાદીમાં જણાવેલ ૧૯-૪-૧૬ મંગળવારને દિવસે મહાવીર જયંતીની રજા જણાવેલ છે. તેના સ્થાને મહાવીર જયંતીની રજા તા.૨૦-૪-૧૬ને બુધવારે રહેશે.

તા.૧૮-૪-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી